# શહેરમાં ઠંડીનો ગરમ મિજાજ

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર શહેર આજે ઠંડુગાર બનતા નગરજનો કોલ્ડવેવની લપેટમાં આવ્યા હતા. શહેરમાં લઘુત્તમ તાપમાન ૯૬ ડી ગ્રીએ પહોંચી જતા અસહ્ય ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. ઠંડીનો મિજાજ ફરીએકવાર ઉગ્ર બનતા નગરના જનજીવન પર શરદીની મોસમની અસર વર્તાઈ હતી. ગઈકાલની સાપેક્ષમાં ઠંડીનો પારો ૨ ડી ગ્રી

## પારો ૯.૬ ડિગ્રીએ પહોંચ્યો : ઠંડીનુ જોર વધતા સાંજ ઢળતા જ નગરના માર્ગો પર સન્નાટો જનજીવન પ્રભાવિત

ગગડયો હતો. સાંજ ઢળતા જ ઠંડીના લીધે સેકટરોની શેરીઓ અને મુખ્ય માર્ગો પર સન્નાટો છવાયો હતો.

ગાંધીનગરમાં આમ તો દરેક મોસમનો મિજાજ આક્રમક હોય છે. જયારે ઠંડીની અસર પણ શહેરમાં વિશેષ અનુભવાય છે. હરિયાળીથી નિખરતા શહેરમાં શરદીની ઋતુનો મિજાજ પણ અનુભવવા જેવો આહલાદક હોવાનો પણ મોસમ પ્રેમીઓનો મત છે. છેલ્લા કેટલાક સમયથી ઠંડીના પારામાં ચઢઉતર જોવા મળી રહી છે. ગત સપ્તાહમાં પણ ઠંડીએ ઉગ્ર મિજાજનો પરચો આપ્યો હતો. અગાઉ પણ ગાંધીનગર ઠંડીની દ્રષ્ટીએ સમગ્ર રાજયમાં સૌથી ઠંડુગાર શહેર હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. જયારે છેલ્લા બે દિવસથી ફરી એકવાર ઠંડીએ આકરો મિજાજ બતાવ્યો છે. ઠંડીનુ જોર વધતા નગરજનો દિવસ દરમિયાન પણ ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહયા છે. સાંજ ઢળતા જ આકરા કોલ્ડવેવના લીધે જનજીવન સુન્ન પડી જાય છે. નગરના માર્ગો પર વિશેષ ચહલ પહલ જોવા મળતી નથી. જયારે રાત્રિના સમયે સેકટરોની શેરીઓ અને મુખ્ય માર્ગો પર સન્નાટો જોવા મળે છે. આકરી ઠંડીમાં શ્રમિકોની હાલત પણ કફોડી જોવા મળી રહી છે. શહેરમાં ઠંડીની મોસમ નિખરતા નગરજના જનજીવનમાં પણ નોંધપાત્ર બદલાવ જોવા મળી રહયો છે. સાંજ ઢળતા જ વાતવરણમાં ઠંડી આક્રમક બનતા રાત્રિના સમયે નગરજનો ઠંડીથી બચવા ઘરમાં બેસી રહેવાનુ પસંદ કરે છે.

ઠંડીથી રક્ષણ મેળવવા માટે તાપણાનો આશરો લેવો પડે છે. સવારે માર્નિંગ વોક કરનારાઓ પણ આકરી



શોપિંગ વિસ્તારમાં પણ સન્નાટો છવાઈ જાય છે. જયારે રાત્રિના સમયે નગરના માર્ગો પર વાહનોની પણ કોઈ ખાસ અવરજવર દેખાતી નથી. ઠંડીથી પ્રભાવિત થયા છે. ઠંડીની મોસમ નિખરતા બજારમાં ગરમ કપડાની ખરીદી પણ વિશેષ થઈ રહી છે. જયારે ઠંડીની મોસમમાં શારિરીક સુખાકારી માટે પણ નગરજનો વિશેષ જાગૃત થતા તબિયત બનાવવા માટે યોગ પ્રાણાયમ અને કસરત તરફ વળ્યા છે.

આજે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાન ગઈકાલની સાપેક્ષમાં બે ડીગ્રી ઘટીને ૯.૬ ડી ગ્રીએ પહોંચી ગયુ હતુ. જયારે મહત્તમ તાપમાન ૨૭.૮ ડી ગ્રી નોંધાયુ હતુ.

# ભાજપ-કોંગ્રેસના ધારાસભ્યોનું પંચાયત સંકુલમાં મિલન થયુ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે ભાજપ-કોંગ્રેસના નવા ચૂંટાયેલા ધારાસભ્યોનું અનોખું મિલન થયું હતું.

ગાંધીનગર (ઉ) બેઠક પર વિજયી થયેલ કોંગ્રેસના ડૉ. સી.જે. ચાવડા પંચાયતની કચેરીએ પંચાયતના પદાધિકારીઓની મુલાકાત, આભારની અભિવ્યકિત તેમજ પંચાયતના પ્રશ્નો સમજવા આવ્યા હતા. આ જ વેળાએ ગાંધીનગર (દ) બેઠક પરથી બીજીવાર વિજયી બનેલા ભાજપના શંભુજી ઠાકોર પણ તેમના વિસ્તારમાં મંજૂર થયેલા માર્ગોના કામોની પ્રગતિની વિગતો તેમજ કેટલા કામ બાકી રહ્યા છે તેની જાણકારી લેવા આવ્યા હતા.

શંભુજી ઠાકોરને ડૉ. ચાવડા પંચાયત આવ્યાની જાણ થતાં જ તેઓ તેમને મળવા માટે પંચાયત પ્રમુખની ચેમ્બરમાં પહોંચ્યા હતા. આ વખતે ગાંધીનગર તા.પં.ના પ્રમુખ કાળુસિંહ, પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકી, પૂર્વ પંચાયત પ્રમુખ જશુભા રાણા, છનાભાઈ ચૌધરી, કાળુસિંહ રાઠોડ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

નવ નિર્વાચીત બંને ધારાસભ્યોએ વિકાસના કામો ખભેખભા મિલાવી કરવાની ખાત્રી આપી હતી તેમજ પંચાયતોના પ્રશ્નો અંગે પણ સાથે મળી સુખદ ઉકલ લાવવાની ખાત્રી આપતાં ઉપસ્થિત સૌ કાર્યકરોમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી હતી.

# જિલ્લા શિક્ષણતંત્રનો વહીવટ ખાડે : મેન પાવરનો અભાવ

## જિલ્લા શિક્ષણતંત્રમાં મંજુર મહેકમ સામે વહીવટી કલાર્કની ચાર જગ્યા ખાલી જયારે શિક્ષણ અને મદદનીશ નિરિક્ષક સહીતના સંવર્ગમાં પણ એક એક જગ્યા ખાલી

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં શિક્ષકોની ઘટના લીધે વિદ્યાર્થીઓનુ શિક્ષણ કથળતુ હોવાની અનેકવાર ફરિયાદો ઉઠવા પામી છે. જયારે જિલ્લા શિક્ષણ તંત્રની પણ આવી જ હાલત છે. મહેકમની સામે વિવિધ સંવર્ગની જગ્યાઓ લાંબા સમયથી ખાલી હોવાથી જિલ્લા શિક્ષણ તંત્રની કચેરીનો વહીવટ જ કથળ્યો છે. ગાંધીનગર જિલ્લા શિક્ષણતંત્રની કચેરીમાં જ મેન પાવરનો અભાવ છે. મંજુર મહેકમ સામે જગ્યાઓ ખાલી છે. જેમાં શિક્ષણ નિરિક્ષક વર્ગ-૨ ની ૬ જગ્યા સામે એક ખાલી છે. જયારે મદદનીશ નિરિક્ષકની વર્ગ-૩ ની ૬ જગ્યા સામે પણ એક ખાલી છે. જયારે વહીવટી કલાર્કની ૮ સામે માત્ર પચાસ ટકા જ મહેકમ ઉપલબ્ધ છે. ૪ જગ્યાઓ ખાલી છે. આ ઉપરાંત મદદનીશ નિરિક્ષક વર્ગ-૩ ની ૬ જગ્યા સામે ૧ અને જુનિયર કલાર્કની ૬ જગ્યા સામે ૧ ખાલી છે. નગરની શિક્ષણ કચેરીમાં જ મેન પાવરના અભાવે વહીવટી પ્રક્રીયા પ્રભાવિત થઈ છે. જેના લીધે શિક્ષણ કચેરીનો વહીવટ ખાડે જવાની દિશામાં છે. ખાલી જગ્યાઓ પર નિમણુંક આપવામાં આવે તે માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરની શાળાઓમાં શિક્ષણનુ સ્તર તેમજ નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં સુધાર લાવવા માટે અનેક પ્રયાસો કરવામાં આવતા હોવાનો શિક્ષણ વિભાગ દ્વારા દાવો કરવામાં આવે છે. જયારે શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન નિવારવા માટે પ્રવાસી શિક્ષકોને પણ નિમણુક આપવામાં આવી હતી. જયારે હજુ પણ શાળાઓમાં પુરતી માળખાગત સુવિધાઓનો અભાવ હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. શાળાઓમાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન વારંવાર સામે આવે છે.જયારે ગાંધીનગરમાં કાર્યરત શિક્ષણ કચેરીમાં જ વહીવટી સ્ટાફના મામલે દિવા તળે અંધારા જેવી સ્થિતિ

# નાણાં પંચની પરફોમન્સ ગ્રાન્ટ માટે ગ્રેડીંગ બાદ જ દરખાસ્ત

## પરફોમન્સ ગ્રાન્ટ આવક વૃધ્ધિને આધારે થતી હતી હવે ગ્રેડીંગને ધ્યાને રાખી કરાશે : કેન્દ્રની નીતિમાં બદલાવ થતાં સમગ્ર કામગીરી પુનઃ કરવાની થશે અને પરફોમન્સ ગ્રાન્ટની ચૂકવણીમાં બે માસના વિલંબની સંભાવના

ગાંધીનગર, તા. ૨૮

રાજયમાં ૧૪મા નાણાં પંચની ગ્રાન્ટમાં કરાયેલ પરફોમન્સ ગ્રાન્ટની ચુકવણી માટ કેન્દ્ર સરકારે હવે ગ્રેડીંગ સિસ્ટમ દાખલ કરવાનો નિર્ણય કરતાં રાજયમાં પહેલીવાર પંચાયતોની આવકોને લઈ ગ્રેડીંગ કરવામાં આવશે.

નાણાંપંચની ગ્રાન્ટના વપરાશની સાથે જે પંચાયતોની આવકમાં વધારો થયો હોય તો તેને ગ્રાન્ટની સામે ૧૦ ટકા પરફોમન્સ ગ્રાન્ટ ચુકવવાની નીતિ હતી. હવે કેન્દ્ર સરકારે આવકમાં વૃધ્ધિની સાથે કેટલાક સ્વૈચ્છિક (મેન્ડેટરી) ગુણાંક તેમજ આવક વૃધ્ધિના ગુણાંક ભેગા કરી તેનું ગ્રેડીંગ કરી અને ગ્રેડના આધારે પરફોમન્સ ગ્રાન્ટની ચુકવણી કરવી તેવા આદેશો જારી કરતાં પંચાયત વિભાગે આ ગ્રેડીંગ માટેની સઘળી જવાબદારી જિલ્લા પંચાયતો પર નાંખી દીધી છે.

૨૦૧૫-૧૬ની આવકમાં વૃધ્ધિ થઈ તો કેટલી વૃધ્ધિ થઈ, પંચાયતની પોતાની આવકમાં કેટલી વૃધ્ધિ કયા વેરામાં જોવા મળી, વિકાસના કામો થયા તો કેટલા સમયમાં પૂર્ણ થયા, વિકાસ કામોનું રજીસ્ટર નિભાવવામાં આવે છે કે કેમ? ગામમાં માતા મૃત્યુદર કેટલો? ગામમાં રસીકરણ ૧૦૦ ટકા થયું છે કે કેમ જેવા પ્રશ્નોને નજરમાં રાખી આ ગ્રેડીંગ જિલ્લા કક્ષાએ કરવામાં આવશે.

જિલ્લા કક્ષાએ ગ્રેડીંગ થયા બાદ તે અંગેનો અહેવાલ રાજયકક્ષાએ મોકલવામાં આવશે અને તેના આધારે સરકાર દ્વારા આ પરફોમન્સ ગ્રાન્ટની ચુકવણી માટેના આદેશો જારી કરશે.

પંચાયત વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે આ ગ્રેડીંગ પધ્ધતિને કારણે ગ્રામીણ વિસ્તારોમાં વિકાસની સ્પર્ધા અને સેવાઓનું સઘનીકરણ થશે એટલું જ નહિ પંચાયતો દ્વારા વેરા વસુલી પર વધુ ધ્યાન કેન્દ્રીત થશે જેથી પંચાયતોની આર્થિક સ્થિતિ મજબુત બનશે અને તેનો સીધો લાભ ગ્રામીણ વિસ્તારના પ્રજાજનોને થશે.

કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલા આ નીતિ વિષયક નિર્ણયને પગલે જિલ્લા સ્તરે પુનઃ નવેસરથી દરખાસ્ત કરવાની કામગીરી કરવી પડશે. કામગીરી બેવડાશે પરંતુ આવક વૃધ્ધિ અંગે લોકલ ફંડ સંસ્થાન દ્વારા ઓડિટની કામગીરી થઈ ગઈ છે. વસ્તીના ધોરણે થયેલી વસુલાત સહિતની કામગીરી પણ કરવાની થશે આમ પરફોમન્સ ગ્રાન્ટની ચૂકવણીમાં બે માસ જેટલો વિલંબ થશે તેવું મનાઈ રહ્યું છે.

રાજયના પંચાયત વિભાગે જિલ્લાઓને આ માટે જરુરી માર્ગદર્શન સાથેની સૂચનાઓ જે કેન્દ્ર તરફથી મળી છે તે મોકલી આપી છે અને હવે ગ્રેડીંગની કામગીરી જે તે જિલ્લા દ્વારા કરવામાં આવશે.








ગાંધીનગર માટે
LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com